GJSR
060007102026

सत्यमेव जयते

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| અવધિ | વર્ષ ૦૦ / માસ ૦૦ / દિન ૨૦ |

**<u>ફોજદારી કેસ નં. ૬૨૭ / ૨૦૨૬</u>**

**<u>ચુકાદો આંક-૧૨</u>**

**<u>-:: નમૂના - એ ::-</u>**

| |
|---|
| **માંડવીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ તથા એડીશ્નલ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. માંડવી, જી.સુરત** |
| **:: ગુનાની વિગત ::** |

| | |
|---|---|
| ગુનાની કલમ | ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(એ) |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજી.નં.૧૧૨૧૪૦૦૩૨૬૦૦૧૬/૨૦૨૬ |
| પોલીસ સ્ટેશન | માંડવી પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી એફ.એમ.ગામીત |
| આરોપી | દક્ષાબેન ઠાકોરભાઈ વસાવા<br>રહે, વરેલી ગામ, ટાંકી ફળીયું, તા.અરેઠ, જી.સુરત. |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી ડી.કે.ઉપાધ્યાય |

**–:: નમૂના – બી ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૪/૦૪/૨૦૨૬ |
| આખરી અહેવાલની તારીખ | ૨૨/૦૫/૨૦૨૬ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૦૨/૦૬/૨૦૨૬ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૫/૦૬/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૦/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | --- |

**:: આરોપીની વિગત ::**

| અનુ | આરોપીનું નામ | અટક કર્યા ની તારીખ | જામીન મુક્તિ તારીખ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવામાં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ – ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | દક્ષાબેન ઠાકોરભાઈ વસાવા | ૦૪/૦૪/૨૦૨૬ | ૦૪/૦૪/૨૦૨૬ | ધી ગુજરાત પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(એ) | નિર્દોષ | – | – |

**<u>બી.જો બચાવ પક્ષના સાહેદ હોય તો :</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર(નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાહેદ, પંચ સાહેદ તથા અન્ય સાહેદો) |
|---|---|---|
| ૧ | નીલ | – |

**<u>સી.જો કોર્ટ સાહેદ હોય તો :</u>**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર(નજરે જોનાર સાક્ષી, પોલીસ સાક્ષી, તબીબ સાહેદ, પંચ સાહેદ તથા અન્ય સાહેદો) |
|---|---|---|
| ૧ | નીલ | – |

**<u>બી.બચાવ પક્ષ :</u>**

| ક્રમ | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧ | નીલ | – |

**<u>સી કોર્ટ આંક :</u>**

| ક્રમ | આંક નં. | વિગત |
|---|---|---|
| ૧ | નીલ | – |

**<u>ડી. ભૌતિક પદાર્થ (મટીરીયલ ઓબ્જેક્ટ)</u>**

| ક્રમ | વિગત |
|---|---|
| ૧ | પ્રોહી.મુદ્દામાલ–૦૩ લીટર |

**Cases are referred to :**

1. State of Gujarat V/s. Bhikhabhai Kalidas Patel. 1985 (2) G.L.R. 745.

2. State of Gujarat V/s. Raijibhai Chaturbhai Solanki. 1960 G.L.R. 77.

**3.** Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885.

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:-**

(૧) ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીનાનીએ પોતે પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે એક પ્લાસ્ટીકના કેરબામાં ૦૩ લીટર દેશી દારૂ કિંમત રૂ.૬૦૦/-નો રાખી પોલીસની રેડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(એ) મુજબનો ગુનોઆચરેલ હોય ફરિયાદી નાઓની ફરિયાદ આધારે તપાસ કરનાર અધિકારી નાઓએ તપાસના અંતે આરોપી વિરૂદ્ધ પુરતો પુરાવો મળેલ હોય ઉપરોકત ગુના અંગે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી સામે ચાર્જશીટ થયા બાદ તેઓને આ કામે હાજર થવાનો સમન્સ કરતાં, આરોપી અદાલત સમક્ષ હાજર થતા તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ-૨૩૦ અન્વયે વિના મુલ્યે આપવામાં આવ્યા બાદ આંક-૦૪ થી આરોપી વિરૂદ્ધ પ્રોહિબીશન એકટની કલમ-૬૫(એ)(એ)મુજબનો ગુના અંગેનું તહોમતનામું ફરમાવી, વાંચી સંભળાવી નિવેદન આંક-૦૫ થી પ્લી લેતા આરોપીએ ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરી કેસ આગળ ચલાવવા જણાવતાં, સબબ કામ ફરિયાદ પક્ષના પુરાવા રજૂ થવા ઉપર મુલતવી રાખેલ.

(૩) ફરીયાદપક્ષે, બચાવપક્ષ તથા કોર્ટ તરફે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**:: નમૂનો ક ::**

**–:: ફરીયાદ પક્ષ તર્ફેનો પુરાવો ::–**

**મૌખિક પુરાવો :–**

| **અનુ. નં.** | **વિગત** |
|---|---|
| ૦૧ | આંક–૦૬ થી પંચસાહેદ અમિતભાઈ જશવંતભાઈ ચૌધરીની જુબાની |
| ૦૨ | આંક–૦૮ થી પંચસાહેદ પ્રકાશભાઈ ચીમનભાઈ વસાવાની જુબાની |
| ૦૩ | આંક–૦૯ થી ફરિયાદી પ્રકાશભાઈ ધીરૂભાઈ પાટડીયાની જુબાની |
| ૦૪ | આંક–૧૧ થી તપાસ કરનાર અમલદાર સુરેશભાઈ કાળીદાસ વસાવાની જુબાની |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ. નં. | વિગત |
|---|---|
| ૦૧ | આંક–૦૭ થી મુદ્દામાલ રીકવરીનું પંચનામું |
| ૦૨ | આંક–૧૦ થી અસલ ફરિયાદ |

આ કામે ઉપરોકત પુરાવો રજૂ થયા બાદ એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ સમગ્ર પુરાવો ધ્યાને લઈ, આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૩૫૧ અન્વયે વિશેષ

નિવેદન નોંધવામાં આવતાં, તેમાં આરોપી નાઓએ મુખ્યત્વે ફરીયાદપક્ષી તમામ હકિકતોનો ઈન્કારીચત અનુસારનો બચાવ લઈ સોગંદ ઉપર જુબાની આપવાની તથા બચાવના સાહેદોને તપાસવાની અનિચ્છા જાહેર કરી, વિશેષ જવાબમાં તેઓએ એવું જણાવેલ છે કે, અમો નિર્દોષ છીએ. અમારા પર દયા રાખવા વિંનતી છે. આમ, આરોપી તરફે કોઈ પુરાવો રજુ થયેલ નથી.

(૫) હાલના કામે કાર્યવાહીના પક્ષકારો તરફે તેમનો પુરાવો પુર્ણ થયા બાદ સબબ કામ દલીલો કરવાના તબકકા ઉપર આવતાં ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓની તેમજ બચાવ પક્ષે વિ.વકીલશ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ અને આ કામ કેસના નિર્ણય ઉપર રાખવામાં આવેલ.

(૬) સદર કામે બંન્ને પક્ષોની દલીલો, રજુ થયેલ પુરાવાને ધ્યાને લીધા બાદ આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**<u>::– મુદ્દાઓ –::</u>**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીનાનીએ પોતે પોતાના કબ્જામાં ગેરકાયદેસર રીતે એક પ્લાસ્ટીકના કેરબામાં ૦૩ લીટર દેશી દારૂ કિંમત રૂા.૬૦૦/–નો રાખી પોલીસની રેડ દરમ્યાન મળી આવી પકડાઈ જઈ ગુનો કરી ધી ગુજરાત પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(એ) મુજબનો ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

## <u>-: કારણો :-</u>

(૮) **મુદ્દાનં. ૧ :-**

ફરિયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદોને તપાસવામાં આવેલા છે.

(૮.૧) ફરિયાદપક્ષે આંક-૦૬ થી પંચસાહેદ અમિતભાઈ જશવંતભાઈ ચૌધરી તથા આંક-૦૮ થી પંચસાહેદ પ્રકાસભાઈ ચીમનભાઈ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે મને પંચ તરીકે માંડવી પોલીસ સ્ટેશનમાં બોલાવી પંચનામામાં સહી કરાવેલી હતી. મને પોલીસ કોઈ જગ્યાએ લઈ ગયેલ નથી કે મારી હાજરીમાં કોઈ ઈસમને પ્રોહી મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તેવુ બનેલ નથી. આંક-૦૭ થી રજૂ મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચનામામાં પંચ તરીકે મારી સહી છે. સદરહુ સાહેદ ફરિયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય વિ.એ.પી.પી.શ્રીની મૌખીક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી આપવા છતાં ફરિયાદપક્ષના કેસને મદદરૂપ કોઈ હકિકત રેકર્ડ પર આવેલ નથી.

(૮.૨) ફરિયાદપક્ષે આંક-૦૯ થી ફરિયાદી પ્રકાશભાઈ ધીરૂભાઈ પાટડીયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં

જણાવેલ છે કે, હમો છેલ્લા બે મહીનાથી તડકેશ્વર પોલીસ સ્ટેશન ખાતે આ.પો.કો.તરીકે ફરજ બજાવુ છુ. તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ અમો તથા બીજા પોલીસ સ્ટાફનાં માણસો તથા પંચોને સાથે રાખી અરેઠ આઉટ પોસ્ટ વિસ્તારમા પ્રોહી ગુના અંગેની રેઇડમા હતા તે દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, મોજે વરેલીગામ, ટાંકી ફળીયા રહેતી દક્ષાબેન ઠાકોરભાઇ વસાવા પોતાના ઘરે ગેરકાયદેસર દેશી દારૂનુ વેચાણ કરે છે તેવી બાતમી હકિકતથી સાથેના પોલીસ સ્ટાફના માણસો તથા પંચોને વાકેફ કરી બાતમીવાળી જગ્યાએ ઘરે જઇ રેઇડ કરતા એક બાઇ અમો પોલીસને જોઇ ઉતાવળા પગે ઘરમા ચાલવા લાગતા તેના ઉપર પ્રોહી ગુના અંગે શક જતા તેની પાછળ દોડી અમોએ તેને પકડી પાડી સાથેના પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ દક્ષાબેન ઠાકોરભાઇ વસાવા, રહે. મોજે વરેલીગામ, ટાંકી ફળીયા, તા.માંડવી, જી.સુરતના હોવાનુ જણાવેલ તેને સાથે રાખી સાથેના પંચો રૂબરૂ તેના ઘરમા જડતી કરતા એક કાપડની થેલીમા ૦૩ લિટર જેટલો દેશી દારૂ કુલ્લે કિંમત રૂા.૬૦૦/- નો મળી આવેલ સદર દેશી દારૂ રાખવા બાબતે પાસ પરમીટ માંગતા નહી હોવાનુ જણાવતા સદરહુ મુદ્દામાલમાંથી નમુના માટે એક કાચની બાટલીમાં આશરે ૧૮૦ મી.લી. જેટલો દેશી દારૂ કાઢી લઇ બાટલીના મોઢે સાથેના પંચોની સહીવાળી કાગળની કાપલી દોરાવડે બાંધી લાખ વડે પો.સ.ઇ. માંડવી પો.સ્ટે. ના માર્કાથી સીલ કરી મળેલ મુદ્દામાલ તથા નમુનાની બાટલી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ હમોએ આ કામનાં તહોમતદાર વિરૂદ્ધ સરકાર તર્ફે ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે. જે ફરીયાદને રજુ દાખલ આંક-૧૦ આપવામા આવે છે. આરોપીને ઓળખું છું.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે,

રેડમા નીકળતા પહેલા અમોએ કોઇ પ્રાથમિક પંચનામુ કરેલુ નહીં. એ વાત ખરી છે કે અમો રેડમાં જવા જે વાહનમાં નીકળેલા તે વાહનનો નંબર અમોને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા ઘરની આજુબાજુમાં ઘરો તથા વસ્તી આવેલ છે. એ વાત ખરી નથી કે, પોતાની કામગીરી બતાવવા આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ નહીં. એ વાત ખરી નથી કે, આરોપી નામદાર કોર્ટમાં હાજર હોય ખોટી રીતે ઓળખુ છું.

(૮.૩) ફરિયાદપક્ષે આંક–૧૧ થી તપાસ કરનાર અમલદાર સુરેશભાઈ કાળીદાસ વસાવા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, હમો છેલ્લા બે મહીનાથી તડકેશ્વર પોલીસ સ્ટેશન ખાતે આ.પો.કો. તરીકે ફરજ બજાવુ છું. ગઈ તા.૦૪/૦૪/૨૦૨૬ ના રોજ અમો તથા બીજા પોલીસ સ્ટાફનાં માણસો તથા પંચોને સાથે રાખી અરેઠ આઉટ પોસ્ટ વિસ્તારમા પ્રોહી ગુના અંગેની રેઈડમા હતા તે દરમ્યાન અમોને ખાનગી રાહે બાતમી મળેલ કે, મોજે વરેલીગામ, ટાંકી ફળીયા રહેતી દક્ષાબેન ઠાકોરભાઈ વસાવા પોતાના ઘરે ગેરકાયદેસર દેશી દારૂનુ વેચાણ કરે છે તેવી બાતમી હકિકતથી સાથેના પોલીસ સ્ટાફના માણસો તથા પંચોને વાકેફ કરી બાતમીવાળી જગ્યાએ ઘરે જઇ રેઈડ કરતા એક બાઈ અમો પોલીસને જોઇ ઉતાવળા પગે ઘરમા ચાલવા લાગતા તેના ઉપર પ્રોહી ગુના અંગે શક જતા તેની પાછળ દોડી અમોએ તેને પકડી પાડી સાથેના પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ દક્ષાબેન ઠાકોરભાઇ વસાવા રહે., મોજે વરેલીગામ, ટાંકી ફળીયા, તા.માંડવી, જી.સુરતના હોવાનુ જણાવેલ તેને સાથે રાખી સાથેના પંચો રૂબરૂ તેના ઘરમાં જડતી કરતા એક કાપડની થેલીમા ૦૩ લિટર જેટલો દેશી દારૂ કુલ્લે કિંમત રૂ.૬૦૦/– નો મળી આવેલ સદર દેશી દારૂ રાખવા બાબતે પાસ

પરમીટ માંગતા નહી હોવાનુ જણાવતા સદરહુ મુદ્દામાલમાંથી નમુના માટે એક કાચની બાટલીમાં આશરે ૧૮૦ મી.લી. જેટલો દેશી દારૂ કાઢી લઇ બાટલીના મોઢે સાથેના પંચોની સહીવાળી કાગળની કાપલી દોરાવડે બાંધી લાખ વડે પો.સ.ઇ. માંડવી પો.સ્ટે. ના માર્કાથી સીલ કરી મળેલ મુદ્દામાલ તથા નમુનાની બાટલી પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ. ત્યારબાદ સરકાર તર્ફે અ.પો.કો. પ્રકાશભાઈ ધીરૂભાઇ પાટડીયાનાઓએ ફરીયાદ આપેલી. પી.એસ.ઓ.એ ફરીયાદ નોંધી આગળની તપાસ અમોને સોપતા જે સાંભળી લીધેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. તપાસ દરમ્યાન પુરતા પુરાવા પડતા હોય આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરેલ. આરોપીનું હું ઓળખું છું.

સદર સાહેદની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ વિગતવારની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, એ વાત ખરી છે કે, રેડમા નીકળતા પહેલા અમોએ કોઇ પ્રાથમિક પંચનામુ કરેલુ નહીં. એ વાત ખરી છે કે અમો રેડમાં જવા જે વાહનમાં નીકળેલા તે વાહનનો નંબર અમોને હાલ યાદ નથી. એ વાત ખરી છે કે બનાવવાળા ઘરની આજુબાજુમાં ઘરો તથા વસ્તી આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે, પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરીને તેમા પંચોની સહીઓ કરાવેલી. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદનો ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી મુદ્દામાલ મળી આવેલ નહીં. એ વાત ખરી નથી કે પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી હાલનું ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, આરોપી નામદાર કોર્ટમાં હાજર હોય ખોટી રીતે ઓળખુ છું.

**<u>પુરાવાનું મૂલ્યાંકન :-</u>**

(૯) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહે છે. ફરીયાદપક્ષે પોતાની હકિકતો શંકાથી પર રહી સાબીત કરવાની હોય છે. દિવાની કાર્યવાહીમાં જે રીતે સંભવીતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકિકત ફોજદારી કાર્યવાહીમાં હોતી નથી. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી. ફરિયાદપક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિઃશંકપણે વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનું રહે છે.

(૧૦) સદરહું કામે આરોપીની સીધી સંડોવણી પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરિયાદપક્ષની હકિકત મુજબ આરોપી વિરૂધ્ધ પ્રોહિ.એકટ અન્વયેનો ગુનો આચર્યાનો આક્ષેપ છે. તે સંજોગોમાં મુદ્દામાલ કબજે કરવા સંબંધી કરવામાં આવેલ પંચનામાના કથનો સાબીત કરવા તથા રીકવરી સાબીત કરવા પંચો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરે તે ખુબ જરૂરી બની રહે છે. સદરહુ કામની એફ.આઇ.આર.ની હકિકત ધ્યાને લેતાં, આ કામના ફરિયાદી તથા અન્ય પોલીસ સ્ટાફના માણસો તથા બે પંચો સાથે પ્રોહી અંગેની રેડમાં નિકળેલ, તે દરમિયાન આરોપી પાસેથી પંચો રૂબરૂ પ્રોહી. મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામુ કરેલ હોવાનું જણાવવામાં આવેલ છે. ઉપરોકત એફ.આઇ.આર.માં જણાવેલ હકિકત ધ્યાને લેતાં, ફરીયાદપક્ષ ધ્વારા જે કામગીરી કરવામાં આવેલ તે પંચોની હાજરીમાં કરવામાં આવેલાનું ફલીત થાય છે. પરંતુ પંચોની જુબાની ધ્યાને લેતાં, પોલીસે તેમને પંચ તરીકે પોલીસ સ્ટેશન બોલાવી તૈયાર પંચનામામાં સહિ કરાવેલ હોવાની તથા તેઓને કોઈ રેઈડમાં લઈ ગયેલ હોય અને ત્યાં કોઈ પ્રતિબંધીત મુદ્દામાલ કબજે કરેલ હોવાનું બનેલ નહિં હોવાનું જણાવી પંચોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આમ, પંચો પંચનામામાં સહિ

કર્યા સીવાયની કોઈ હકિકતને સમર્થન કરેલ નથી તથા એ.પી.પી.શ્રી દ્વારા પંચનામાના અનુસંધાને પુછવામાં આવેલ લીડીંગ પ્રશ્નોના જવાબ પણ નકરામાં આપેલ છે. આમ, મુદ્દામાલ કબજે કર્યા અંગેના પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં ન હોય, મુદ્દામાલ કબજે કર્યા અંગેનું પંચનામું પંચોના પુરાવાથી પુરવાર થયેલ નથી.

(૧૧) સદર કેસમાં ફરીયાદની હકિકતને નજર સમક્ષ રાખી ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનું મુલ્યાંકન કરી આરોપીની ગુનાના કામે સંડોવણી અંગે ચર્ચા કરવામાં આવે તો, હાલના કામે રેઈડની સમગ્ર કાર્યવાહીમાં સામેલ સાહેદો તે પોલીસ સાહેદ છે અને તેઓ અવારનવાર પ્રોહી. અંગેની રેઈડની કામગીરી કરતાં હોય છે અને તેઓની હાજરીમાં સમગ્ર કાર્યવાહી થયેલ હોય તેઓ સ્વાભાવીક પણે ફરીયાદપક્ષને સમર્થન કરતી હકિકત જણાવે તેમ બની શકે અને તે કારણે તેઓના પુરાવાના અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળવું જરૂરી બની રહે છે. વધુમાં સાહેદોના જણાવ્યા મુજબ બનાવ સ્થળ રહેણાંક વિસ્તાર છે, તે સંજોગોમાં બનાવ સ્થળેથી સ્વતંત્ર સાહેદો મળી શકે તેમ હોવા છતાં હાલના કામે કોઈ સ્વતંત્ર સાહેદનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી તેમજ તે અંગે કોઈ ખુલાસો રજુ થયેલ નથી. વધુમાં અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી. તે સંજોગોમાં ફરીયાદી તેમજ સાહેદો રેઈડ સમયે બનાવ સ્થળે હાજર હોય તેઓ રસ ધરાવનાર સાહેદ છે. ફરીયાદપક્ષના કેસને પંચોએ સમર્થન કરેલ ન હોય, ફરીયાદ મુજબનો મુદ્દામાલ દેશીદારૂ આરોપીના કબજામાંથી મળી આવેલ હોય તે હકિકત સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સાબીત થતી નથી.

(૧૨) અત્રે એ ઉલ્લેખનીય છે કે, ફરીયાદપક્ષ ઈશારા તપાસવામાં આવેલ સાહેદ પોલીસ સાહેદ છે અને તમામ રેઈડ સમયે હાજર હતાં અને સાહેદોએ ફરીયાદપક્ષને અનુરૂપ પુરાવો આપેલ છે તેમજ આરોપી તર્ફે કોઈ તટસ્થ બચાવ હાલના કામે કોઈ પણ સાહેદના પુરાવા લાવેલ નથી. પરતું પ્રોહિ.એકટની આદેશાત્મક જોગવાઈને નજર સમક્ષ રાખવામાં આવે તો હાલના કામે જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલ અંગે એફ.એસ.એલ. સર્ટી રજૂ થયેલ નથી તેમજ ઘણા અગત્યના એવા પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન કરતાં નથી. સદર કેસ લગત રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં આરોપી જ હાલના ગુનાના કામે સંકળાયેલ છે તેવો કોઈ સચોટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે સંજોગોમાં પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને અનુરૂપ પુરાવો આપેલ હોવા છતાં તેઓનો પુરાવો આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતો જણાતો નથી. **નામ. ગુજરાત હાઈકોર્ટે તેમની સમક્ષના સ્ટેટ ઓફ ગુજરાત વિ.રઈજીભાઈ ચતુરભાઈ (૧૯૬૦ જી.એલ.આર. પાના નં.૭૭)** માં પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં ઠરાવેલ છે કે, સર્ચ સમયે પંચની હાજરી જરૂરી છે અને પંચ ફરીયાદપક્ષને જો સમર્થન આપતા ના હોય ત્યારે પોલીસ અધિકારીની જુબાની અને પુરાવાને કોઈ અન્ય કોરોબોરેટીવ પુરાવાનું સમર્થન ના મળે ત્યારે ફકત પોલીસ અધિકારીની જુબાની પર આધાર રાખી સજા કરી શકાય નહિ.

(૧૩) હાલના ગુનાના કામે પોલીસ વારા કાર્યવાહી થયેલ છે, તે પરત્વે નામદાર સર્વોચ્ચ અદાલતે **Bhawan Sinh V/s. State of Rajasthan; reported in A.I.R. 1976 SC 885;** ના ચુકાદામાં ઠરાવવામાં આવેલ છે કે, "If everything is done by the police officer, it would be an infirmity in the case which is bound to reflect on the credibility of the prosecution."

(૧૪) આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો નીચે મુજબનાં ચુકાદોઓ ધ્યાને લેવાં જરૂરી છે. **<u>નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ગુજરાત રાજ્ય વિરુદધ ભીખાભાઈ કાળીદાસપટેલ ૧૯૮૫(૨) જી.એલ.આર પાન નં.૭૪૫</u>** ના ચુકાદામાં જણાવેલ પંચનામા બાબતના સિદધાંતો ધ્યાને લેતાં જયારે પંચોની હાજરીમાં પોલીસે કામગીરી કરેલ હોવાનું જણાવેલ હોય અને પંચ સાહેદોએ જુબાનીમાં તે હકીકતોને સમર્થન આપેલ ન હોય ત્યારે આરોપીને દોષી ઠરાવી શકાય નહી. આ ઉપરાંત નામદાર ગુજરાત વડિ અદાલતનો State of Gujarat v/s Raijibhai Chaturbhai Solanki reported in 1960 GLR 77 ના ચુકાદામાં ઠરાવેલ છે કે – "Criminal Procedure Code (Act no.V of 1989) Section 103 ("Search obligatory in presence of panchas Evidence of police officer must be corroborated panchnama cannot be used for corroboration) The real principle is that where the presence of the panchas is obligatory at the time of search the Evidence of the police officer conducting the search must ordinarily be corroborated and that if there is no such corroboration ordinarily a conviction should not rest solely on the uncorroborated testimony of the police officer who conduct the search. The real question is whether there is corroboration or not. The absence of corroboration may be due to two factors the failure of the police to keep panchas or the fact that panchas do not support the prosecution. Whatever be the reason if there is no corroboration then ordinarily conviction should not rest on the uncorroborated testimony of the police officer conducting the search in such cases." ઉપરોકત મુજબના નામદાર વડિ અદાલતના ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંતને હાલના કામની

રેકર્ડ આધારીત હકિકતો અને રજુ થયેલ પુરાવા સાથે સરખાવતાં આ કામે પણ પોલીસે પંચ સાહેદોની હાજરીમાં કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ પંચસાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક જુબાની આપેલ નથી. જેથી તે સંજોગોમાં આરોપી પાસેથી કહેવાતો મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાનું રજુ પુરાવા પર થી પુરવાર થતું નથી. આમ, ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદ પક્ષનો કેસ શંકાથી પર પુરવાર થતો નથી.

**(૧૫)** હાલના આ કેસની રેકર્ડ આધારીત હકિકતો અનુસાર હાલના આ કામે પંચસાહેદોના સોગંદ ઉપરના પુરાવાથી પોલીસ ફરિયાદીની તથા પોલીસ સાહેદોની જુબાનીને લેશમાત્ર સમર્થન મળતું નથી. પોલીસ સાહેદની જુબાનીને સ્વતંત્ર સાહેદના સોગંદ ઉપર પુરાવા રજુ થઈ સમર્થન આવેલ નથી. મુદ્દામાલ હાલના આરોપીના માલીકી કબજામાં મળી આવેલાની હકિકત તથા આ કહેવાતો મુદ્દામાલ દેશીદારૂ હોવાની હકિકત પણ પુરવાર થયેલ નથી. ફરિયાદપક્ષ પોતાનો કેસ શંકાથી પર આરોપીને આ કામે કસુરવાન ઠરાવી શકાય તે અનુસારનો પુરાવો રજૂ કરવામાં નિષ્ફળ ગયેલ હોય, રજૂ કરેલા પુરાવાનું મુલ્યાંકન કરતાં ફરિયાદી પક્ષના આક્ષેપોને સમર્થન મળતુ ના હોય, દસ્તાવેજી પુરાવા ઉપરથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોય અને આરોપી સામેનો ગુનો પુરવાર થતો ના હોય, તે સંજોગોમાં ફરિયાદપક્ષ આરોપી સામે આક્ષેપિત ગુનો નિશંકપણે પુરવાર કરવામાં સફળ થયેલ ન હોય હાલના કામે ઉપસ્થિત કરવામાં આવેલ **મુદ્દા નં.૦૧** નો જવાબ **"નકારમાં"** આપી **મુદ્દા નં.૦૨** બાબતે નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

**<u>–: આખરી હુકમ :–</u>**

(૧) આ કામના આરોપી દક્ષાબેન ઠાકોરભાઈ વસાવા. રહે, વરેલી ગામ, ટાંકી ફળીયું, તા.અરેઠ, જી.સુરત. નાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૨૭૧(૧) મુજબ ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ મુજબના અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ રાખવા.

(૩) પ્રોહી. મુદ્ધામાલનો અપીલ સમય બાદ કાયદા અનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૦મી, માહે જુન, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૦/૦૬/૨૦૨૬ (મનિષ મનહરભાઈ બુધ્ધભટ્ટી)
સ્થળ : માંડવી, જિ. સુરત. એડી. ચીફ જયુડી. મેજિસ્ટ્રેટ,
માંડવી, જિ.સુરત
(જીજે૦૦૮૫૫ )